# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com, web :-www.suratdeo.org

જા.નં./મા-૨/૨૦૨૫/ ૪૧૪૦ તા. ૨ /૦૫/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, તમામ

વિષયઃ- વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય (ધોરણ ૧ થી ૮) તથા PM YASASVI Pre Matric ધોરણ ૯ થી ૧૦ બાબત.

સંદર્ભ:- જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી, નાનપુરા, સુરતનો પત્ર ક્રમાંક: જનાની/વિજા/શિષ્યવૃત્તિ/૨૦૨૫-૨૬/૧૨૭૫ તા.૧૫/૦૪/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી, નાનપુરા, સુરતના સંદર્ભ દર્શિતપત્ર અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રિ-મેટ્રીક PM YASASVI Pre Matric ધોરણ ૯ થી ૧૦ વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

જિલ્લા સેવા સદન,જૂની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ,નાનાપુરા,સુરત -૩૯૫૦૦૧

ફોન:૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail: d.dirsurat@gmail.com


નં.જિનાની/વિજા/શિષ્યવૃત્તિ/૨૦૨૫-૨૬/૧૨૭૫ તારીખ: ૧૫/૦૭/૨૦૨૫

પ્રતિ,

(૧) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, કાંસકીવાડ, સુરત

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વેસુ, સુરત

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, અઠવાલાઈન્સ, સુરત

વિષય:- વર્ષ:૨૦૨૫-૨૬ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય (ધોરણ ૧ થી ૮) તથા PM YASASVI Pre Matric (Std 9-10) યોજનાની કામગીરીનું આયોજન કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની (૧) પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના (ધોરણ ૧ થી ૮) અને (૨) ભારત સરકારની PM YASASVI Pre Metric Scholarship (Std.9 to 10) યોજનાનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઈન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ અંતર્ગત પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના (ધોરણ ૧ થી ૮) અને ભારત સરકારની PM YASASVI Pre Metric Scholarship (Std.9 to 10) યોજના જુલાઈ-૨૦૨૫ ના અંતમાં શરૂ થવાની હોય પોર્ટલ શરૂ થયા બાદ વિગતવાર પરિપત્ર કરવામાં આવશે. વર્ષ ૨૦૨૫-૨૬ માં Digital Gujarat Portal પર વિદ્યાર્થીઓની Entry કરતી વખતે નવા જરૂરી મુદ્દાઓ નીચે મુજબ છે. જેની ખાસ નોંધ લેવી.

- પ્રિ-મેટ્રીક ધોરણ ૧ થી ૮ માટે વિદ્યાર્થીઓના આધારકાર્ડની (અપડેટ સાથે) માહિતી તથા E-KYC થયેલ રાશનકાર્ડની (મેમ્બર નંબર સાથે) માહિતી ભરવી ફરજીયાત છે. જેથી શાળાના આચાર્યશ્રીઓએ તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડ અને રાશનકાર્ડ મેળવી લેવાના રહેશે.

- Pre Metric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બેંક ખાતા સાથે Aadhar Seeding અને DBT Option ચાલુ કરાવી લેવુ જેથી ચુકવણી ઝડપથી થઇ શકે. Utility-Aadhar Seeding પર વિદ્યાર્થીના આધારકાર્ડ નંબર નાખી ચકાસી શકાય.

- એક થી વધુ બાળકો શાળામાં અભ્યાસ કરતાં હોય તો દરેક બાળક માટે અલગ અલગ બેંક ખાતુ માંગવાનું રહેશે.

[illegible]

- Pre Metric ધોરણ ૯-૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વાલીનો આવકનો દાખલો તેમજ વિદ્યાર્થીનો જાતિનો દાખલો/બોનાફાઈડ અપલોડ કરવા ફરજીયાત હોવાથી શાળાના આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીના આધારકાર્ડ, રાશનકાર્ડ, પિતાનો આવકનો દાખલો, વિદ્યાર્થીના જાતિનો દાખલો/બોનાફાઈડ મેળવી લેવાના રહેશે.

- વિદ્યાર્થીના ફોર્મ ભરવાની જરૂરીયાત મુજબનાં પૂરા Documents શાળા પાસે રેકર્ડ પર હોય ત્યાર પછીજ વિદ્યાર્થીની ENTRY કરવી. તમામ વિદ્યાર્થીની જરૂરી વિગતો વિદ્યાર્થી કે વાલીશ્રીનો સંપર્ક કરી મેળવવાની રહેશે. અધુરી વિગતવાળા વિદ્યાર્થીની એન્ટ્રી ડીઝિટલ પોર્ટલ પર કરવી નહીં.

- વધુમાં આપના તાબા હેઠળની શાળામાં અભ્યાસ કરતા બાળકો પૈકી પાત્રતા ધરાવતા એકપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત ન રહે અને સમયમર્યાદામાં લાભ મળી રહે તેવા ઘનિષ્ઠ પ્રયત્નો કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રાખી આપની કક્ષાએથી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવા વિનંતી.

જિલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિ સુરત

સવિનય નકલ રવાના:
- માન. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.